॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર

જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

કાર્યાલયઃ ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦.

● સં. ૨૦૭૬ ● અષાઢ વદ - ૪ ● તા. ૦૯-૦૭-૨૦૨૦ ● ગુરુવાર SDP NO: 82 MOB. : WHATSAPP- 9422884366, 7410087935. hmtsanatandharmpatrika@gmail.com

કચ્છ પંથક ના મેઘાના વાવડ

કચ્છનો વરસાદ

સોમવાર રાત્રે ૮થી મંગળવાર રાત્રે ૮ વાગ્યા સુધી

તાલુકાનું નામ	અગાઉનો વરસાદ (મિ.મી.માં)	આજનો કુલ વરસાદ	સિઝનનો કુલ વરસાદ
અંજાર	૧૫૫	૧૧૫	૨૭૦
અબડાસા	૯૮	૫૧	૧૪૯
ગાંધીધામ	૧૫૩	૬૭	૨૨૦
નખત્રાણા	૧૩૦	૧૫૮	૨૮૮
ભચાઉ	૧૭૦	૫૧	૨૨૧
ભુજ	૧૩૫	૮૫	૨૨૦
મુંદરા	૧૮૪	૨૪૧	૪૨૫
માંડવી	૪૧૭	૧૮૫	૬૦૨
રાપર	૨૧૮	૬૪	૨૮૨
લખપત	૩૪	૩૬	૭૦

નખત્રાણા થી પ્રતિનિધિ અશ્વિન જેઠી ના અહેવાલ પ્રમાણે પશ્ચિમ કચ્છના મથક નખત્રાણાની સોમવારે મોડી સાંજે ભારે વીજ લિસોટા, ગાજવીજ સાથે ધીમીધારે વરસાદ ચાલુ થયો હતો. જે મોડી રાતે જોર પકડતા વધુ ૨૦ મીમી વરસાદ સાથે મોસમનો વરસાદ ૧૫૦ મીમી થયો હતો. નખત્રાણા તાલુકાના યક્ષ, સાંયરા, દેવપર, અંગિયા નાના, ધાવડા, બેરુ, મોસુણા, નારણપર રામપર રોહા, પિયોણી, જાડાઈ, વ્યાર, કોટડા, મથલ, દેસલપર (ગુંતલી) વિસ્તારમાં અડધા થી પોણો ઈંચ જેટલો વરસાદ પડયો હોવાના વાવડ છે. નખત્રાણા નગરના બને છેલ્લા ભારે પાણીથી વહેતા થતા રોડના ડામર ઉખડી જતા વાહન વ્યવહારને અસર પહોંચી હતી.

મગફળી કપાસ શાકભાજી ખૂબ જ ફાયદો થશે તેવું ખેડૂતોએ જણાવ્યું હતું. નખત્રાણા અગાઉના ૧૩૦ મી.મી સાથે આજે બપોરના બે વાગ્યા સુધી ૨૦ મીમી વરસાદ પડતા છ ઈંચ જેટલો વરસાદ નો આંક પહોંચ્યો છે. તાલુકાના કોટડા જડોદર, ઉખેડા, કાદીયા, નાના-મોટા ટોડીયા, ખોંભડી, રસલીયા, નેત્રા પંથકમાં સાંજે ચાર વાગ્યાથી જોરદાર વરસાદ શરૂ થયો હોવાના હેવાલ છે. તો ફોટ મહાદેવ જંગલ વિસ્તારમાં તેમજ પિયોણી મહાદેવ વિસ્તારમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. તેવું મહંત હંસગીરીજી તથા રાપરના ઈશ્વરભાઈ સાંખલા એ જણાવ્યું હતું. મળેલા આંકડા અનુસાર ૨૫મીમી સાથે વરસાદ ૧૭૫ મીમી હાલ પણ ધોધમાર વરસાદ ચાલુ છે.

કચ્છમાં મધ્યમ સિંચાઈના ૩ ડેમ ઓવરફ્લો થયા છે.

મુન્દ્રા તાલુકાનો કારાધોધા ડેમ ઓવરફ્લો થયો, પુર્ણ સપાટી ૩૭ મીટર.

અબડાસાનો કંકાવટી ડેમ ઓવરફ્લો થયો, પુર્ણ સપાટી ૧૩૨.૮૨ મીટર.

રાપરનો ફતેહગઢ ડેમ પણ ઓવરફ્લો થયો.

નિચાણવાડા વિસ્તારોને સચેત રહેવા તંત્ર દ્વારા સુચિત કરાયા છે.

લખપતનો ગોધાતડ ડેમ અને માંડવીનો ડ્રોણ ડેમ પણ છલકાવાની તૈયારીમાં છે.

સામાજિક અને આધ્યાત્મિક સમિતિ દ્વારા ચાલી રહેલ મુખ્ય ગતિવિધિ

નરેન્દ્રભાઈ ચૌધરી, હૈદરાબાદ

જ્ઞાતિજનો માં સામાજિક સદભાવના જગાવવા માટે પરિવાર પ્રાર્થના ઉપર વિશેષ ધ્યાન આપવાની સાથે સાથે સમાજનું ભવિષ્ય અને આપણી ધરોહર એવી વિરાટ સંસ્કારિતા ને ટકાવી રાખવા હેતુ નીચે મુજબ મુખ્ય મિશન હાથ ધરાયેલ છે.

૧ - શ્રી કૃષ્ણ - સુભદ્રા સંવાદ

નવવધુ થી લઈ ને લગ્નને ૧૨ વર્ષ પૂર્ણ કરેલ યુવતીઓ માટે ગર્ભ સંસ્કાર સિંચન શિબિર, જ્ઞાન વિજ્ઞાન સાથે ઉદરમાં પાંગરતા બાળક માટે સંસ્કાર સિંચન. (પ્રશિક્ષણ માટે ડૉ.મેઘા શાહ દ્વારા ડિઝાઈન તૈયાર છે)

૨ - મિશન અભિમન્યુ

એક એવું બાળ સંસ્કાર કેન્દ્ર, જેમાં સ્વેઈચ્છાએ અત્યાર સુધી ૪૬૦ ભાઈઓ બહેનો આ મિશન ને સફળ બનાવવા જોડાયેલ. જે આપણાં માટે વિશેષ ઉપલબ્ધી કહેવાય. જેમનો શુભારંભ હૈદરાબાદ ખાતે ૮૦૦ સમાજ જનો ની હાજરી માં મહિલાસંઘ તથા યુવાસંઘ, અને હૈદરાબાદ સ્થાનિક યુવક મંડળ તથા મહિલા મંડળ ના સંયુક્ત આયોજન માં ૬૫૦ બાળકો ૭ વર્ષ થી ૧૪ વર્ષ ના ને લઈને કરાયો હતો.

આ મિશન અભિમન્યુ માં

વય મર્યાદા ૭ થી ૧૪ વર્ષ સુધી ની રાખેલ છે. જેમાં

- એરોબિક	૧૦ મિનીટ	- લાઈટ નાસ્તો	૫ મિનીટ
- પ્રાથના	૫ મિનીટ	- શ્લોક કંઠસ્થ	૧૦ મિનીટ
- હળવી રમત ગમત	૧૦ મિનીટ	- વક્તવ્ય -રાષ્ટ્ર પ્રેમી	૩ મિનીટ
- એરોબીક	૭ મિનીટ	- ઔમ નાદ	૫ મિનીટ
- ધ્યાન	૫ મિનીટ	- રાષ્ટ્ર ગાન	૧ મિનીટ

આમ કોમન પ્રોગ્રામિંગ કરવામાં આવેલ.

આ મિશન અભિમન્યુ ટૂંકા સમયમાં વિશાળ વટ વ્રક્ષ બની એક માંથી ૧૦૦ કેન્દ્રોનું સંચાલન પુરા ભારત ભરમાં થઈ રહેલ છે.

૩ - મિશન અર્જુન

૧૩ વર્ષ થી ૧૯ વર્ષના બાળકો માટે છે. જેમાં (છ) શારીરિક તંદુરસ્ત બનાવવા મિલીટ્રી ટ્રેનિંગ (ઈઝરાયેલ ની જેમ) અપાશે... જેથી રાષ્ટ્ર ભાવનાનું સિંચન કરી શકાય.

(B) સ્વામી વિવેકાનંદ દ્વારા આલેખાયેલ આધ્યાત્મ જ્ઞાન પીરસવામાં આવશે, જેથી ખોટા વહેમ વાચક માં ના પડે અને સમાજને પણ સાચી દિશામાં ગતી આપી શકે.

© SSC પછી કઈ દિશામાં જવું ... આવનાર સમયે કયું ફિલ્ડ સારું રહેશે વિગેરે ની સચોટ માહિતી થકી કરિયર ચુનવામાં યુવાનોને સરળતા રહેશે.

(D) સમાજ પ્રત્યે ની જવાબદારી અને સમાજ ના માળખાની સમજ આપવાનું કાર્ય આ મિશન માં થશે.

(E) આધુનિક દુનિયામાં કદમ થી કદમ મલાવી ધંધાકીય યોગ્ય નિર્ણય સમય પર લઇ શકે ...આવનારી તકો ઝડપભેર ઝડપી શકે તેવી બિજનેશ જગતની ટ્રેનિંગ આપવી.

(F) સમાજની સંસ્કૃતિ અને સશક્ત સંગઠન ના બીજ રોપવા.

(G) ભવિષ્યમાં જેમણે મિશન અભિમન્યુ માં ટ્રેનિંગ લીધેલ હોય તેઓ જ મિશન અર્જુનમાં જોડાઈ શકશે ...આને ખાસ અમલમાં લાવવું.

ઉપરોક્ત ટ્રેનિંગ તથા કેમ્પો પાછળ સમાજ તેમજ વાલીઓ સાથે મળી આવશ્યક ખર્ચ કરશે, કેમ કે આ યોજના પાછળ થયેલ વ્યય ભવિષ્યનું અનમોલ રોકાણ છે ....

વૃક્ષારોપણ કાર્યક્રમ

શ્રી કોલ્હાપુર પાટીદાર સનાતન યુવક મંડળ

દ્વારા અયોજીત, મિશન ગ્રીન ભારત અંતર્ગત તા ૮ જુલાઈ ૨૦૨૦ ના વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં સર્વશ્રી યુવા સંઘ મંત્રી ગિરીશ ભાવાણી, કોલ્હાપુર યુવક મંડળ પ્રમુખ હરેશ માકાણી DMG IPP પ્રવીણ વેલાણી, ડિવિઝન પ્રમુખ ધીરજ લીંબાણી અને સ્થાનિક કારોબારી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

મિશન ગ્રીન ભારત, જય મિશન યુવા સંઘ, KPSYMK 2018-20

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૦૭. ૦૭. ૨૦૨૦ પ્રશ્ન નંબર - ૩૮.

.....સોત્ત... રવજીભાઈ ....ગત એ કયા લીડર નું નામ છે જે મહા..... છે. સંચાલક તરીકે વાણી માં પુરા જાનદાર છે ..... અધુરાસ પુરી કરો અને સામાજીક જવાબદાર વ્યક્તિનું પૂરું નામ કહો.

સાચો જવાબઃ પરસોત્તમ રવજીભાઈ ભગત જેઓ કેન્દ્રિય મહામંત્રી ના પદ પર સેવા આપી રહ્યા છે.

સાચો જવાબ આપનાર વિજેતાઃ ડૉ.વિરલ નટવરભાઈ લીંબાણી - વિસનગર ૯૯૦૪૩૩૪૬૪૮

તા. ૦૮.૦૭.૨૦૨૦ ગઈકાલ નો પ્રશ્ન નંબર - ૩૯.

કરછની આગવી ઓળખ એવી કરછી ખારેક માં અનેક પોષક તત્વો હોવાથી તે અન્ય કયા નામ થી ઓળખાય છે...?

આજના પ્રશ્ન માટે જુઓ સમાચાર વિડિયો ક્લિપ,

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઇનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

સાબર રીજીયન...કારોબારી વેબમિટિંગ

સંયોજક : અલ્પેશ રામાણી,(સાબર રિજીયન PRO).

સાબર રિજીયન દ્વારા ગત. તા. ૦૪-૦૭-૨૦૨૦ ના રોજ સાંજે ૮:૩૦ કલાકે ચેરમેન શ્રી મીનેશભાઈ વાડીયા ના અધ્યક્ષ સ્થાને એક ઓનલાઇન Google Meet વિડિયો કોન્ફોરન્સથી સાબર રિજીયન કારોબારી મિટિંગ નું આયોજન કર્યું હતું, જેમાં નીચેના એજન્ડા પર ચર્ચા કરવામાં આવેલ.

મિટિંગના એજન્ડાઃ ૧. પ્રાર્થના ૨. મિટિંગનો હેતુ-કોરોના મહામારી વિશે ૩. વૃક્ષારોપણ ૪. YSK રી-પેમેન્ટ અને ACH કરવા અંગે ચર્ચા. ૫. ડિવિઝનની નવી ટીમની નિમણુક અંગે ચર્ચા(દરેક ડિવિઝનના ચેરમેન/સેક્રેટરી) ૬. ઓપન મંચ ૭. પ્રમુખ સ્થાનેથી રજૂઆત ૮. આભાર દર્શન ૯. રાષ્ટ્રગીત **આ સફળ રહેલ પ્રથમ પ્રયાસની વધુ વિગતો માટે જુલાઈ-૨૦૨૦ નો અંક વાંચવો.**

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેરછાઓ

ગિતેશભાઈ રમેશભાઈ પારસિયા અમદાવાદ. (Mob. 9879754283) ના જન્મ દિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા માં ૫૦૦ તેમનાં પિતાજી એ આપી શુભેચ્છા અનુદાન આપી સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે. એમને પુત્ર ને આ સરપ્રાઇઝ ભેટ આપી છે.

શ્રી સમાજ અને પ્રચાર પ્રસાર સમિતિ તેમનો વિશેષ આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેરછાઓ પાઠવે છે.

આરોગ્ય ના આંગણે.. ઔષધીય વનસ્પતિ નો પરિચય.

સંકલન : ગૌરાંગભાઈ ધનાણી, કડોદરા-સુરત.

સુરત હવે અમદાવાદ થી આગળ વધ્યું છે અને નિરંકુશ છે, ત્યારે કેમ કોરોના આપણા ઘરમાં ના પ્રવેશે તેની કાળજી લેવા કેટલાક સૂચન સમાજ ના અગ્રણીઓ દ્વારા પ્રસિદ્ધ કર્યા છે.

આપણા ઘરમાં કોવિડ ૧૯ નો પ્રવેશ કોઈ બહાર નું નહીં લાવે.. તે આપણે જ કોઈક લાવીશું, જેથી તેની પ્રવેશબંધી માટે ઘરથી બહાર જતાં ઘરના જ વ્યવસાય કરતા કે બહાર નીકળતા વ્યકતીએ સમજદારી દાખવવી પડશે.. આર્થિક મોટો ભાર માથે આવશે.. હલાકી અને ચિંતા વધુ થશે તેથી બીજી બીમારીઓ પણ આવશે...

ખાસ તમામ સમાજના અગ્રણીઓ અત્યાર ની પરિસ્થિતિ ને ધ્યાન માં લઇ ને ૦૨ કાર્ય ખાસ કરે.. ૦૧, કોવિડ એટલે કે કોરોના માટે મેડીકલેમ અચૂક દરેક ઘરમાં લેવડાવે.... ૦૨, ૧૮ થી ૫૫ વર્ષના સૌ કોઈ યુવા સુરક્ષા કવચ સાથે જોડાય જેની જવાબદારી હવે પાડોશી હિતચિંતક તરીકે આસપાસ ના તેમજ પરિવાર ના અગ્રણીઓ સ્વીકારે અને ફરજ અદા કરે... સમાજ કારોબારી અને યુવાંમંડળ, મહિલા મંડળ કારોબારી આ કાર્ય ની ભેઠ બાંધે.. વર્ક એટ હોમ દ્વારા રોજ બે ઘર ને દરેક કારોબારી સભ્ય જવાબદારી પૂર્વક સંપર્ક કરે અને તે પરિવાર ને રક્ષિત કરે. બીજું શ્રી સમાંજ ની સનાતન ધર્મ પત્રિકા રોજ રોજ ડીઝીટલ સિસ્ટમ થી આવે છે, તે પણ કારોબારી સભ્ય દ્વારા પોતાના વિસ્તાર માં દરેક વ્યક્તિને ને મળે તેવી આયોજનબદ્ધ લિંક ગોઠવે..

આવા કર્તવ્યો થકી કોરોના સામે લડી શકાશે અને સમાજ પ્રત્યેની જવાબદારી પણ સંતોષપૂર્વક પાર પાડી શકાશે...